રાજકોટ મહાનગરપાલિકા(આરોગ્ય શાખા)

વોક-ઇન-ઈન્ટરવ્યુ

રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં "દીનદયાળ ઔષધાલય"(અર્બન હેલ્થ કલીનીક) શરૂ કરવા માટે મેડીકલ ઓફીસર/મેડીકલ ઓફીસર(આયુષ)ની માસિક ફીકસ પગારથી તદ્દન હંગામી ધોરણે ૧૧(અગિયાર) માસના કરારથી જગ્યાઓ ભરવા માટે તા.૧૦/૧૦/૨૦૨૨, સોમવારે સવારે ૯:૦૦ કલાક થી વોક-ઇન-ઈન્ટરવ્યુ રાજકોટ મહાનગરપાલિકા ડો.આંબેડકર ભવન,ઢેબર રોડ, સેન્ટ્રલ ઝોન કચેરી, પ્રથમ માળ મીટીંગ હોલ ખાતે રાખવામાં આવેલ છે. જેથી સબંધિત લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ વોક-ઇન-ઈન્ટરવ્યુ અન્વયે હાજર રહેવા આથી જાણ કરવામાં આવે છે.

| જગ્યાનુ નામ | સંખ્યા | માસિક ફીક્સ પગાર |
|---|---|---|
| મેડીકલ ઓફીસર (MBBS) | ૧૦ | રૂ.૩૦,૦૦૦/- |
| મેડીકલ ઓફીસર(આયુષ)(BAMS/ BHMS) | | રૂ.૨૩,૦૦૦/- |

લાયકાત: MBBS/BAMS/BHMS

વયમર્યાદા:- ૬૫ વર્ષથી વધુ નહી.

- પ્રથમ પસંદગી MBBS તબીબશ્રીઓને આપવામાં આવશે.
- ઉમેદવારોએ વોક-ઇન-ઈન્ટરવ્યુ સમયે લાયકાત સબંધી દસ્તાવેજોની નકલ તેમજ અસલ પ્રમાણપત્રો સાથે રાખવાના રહેશે.
- "દીનદયાળ ઔષધાલય" (અર્બન હેલ્થ કલીનીક)માં સાંજે ૫:૦૦ કલાકથી રાત્રિના ૯:૦૦ કલાક સુધી સેવા આપવાની રહેશે.
- પસંદગી પામેલ તબીબ દ્વારા એક પેરા મેડીકલ સ્ટાફ પોતાની જરૂરિયાત મુજબ રાખી શકશે. જેનો સંપૂર્ણ ખર્ચ જે તે પસંદગી પામેલ તબીબે પોતે ભોગવવાનો રહેશે તથા જરૂરી તબીબી તપાસના સાધનોની વ્યવસ્થા તબીબે સ્વખર્ચે કરવાની રહેશે. આ અંગે કોઈપણ પ્રકારની નાણાકિય સહાય મળવાપાત્ર થશે નહી.
- ભરતી અંગે આખરી નિર્ણયની સત્તા કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાની રહેશે.
- ૧૧(અગ્યાર) માસ બાદ ઉમેદવાર આપો-આપ છુટ્ટા થયેલા ગણાશે.

(સહી) આશીષ કુમાર
નાયબ કમિશનર
રાજકોટ મહાનગરપાલિકા

**શરતો:**

૧ ઉમેદવાર હાજર થતી વખતે રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા સાથે ફરજીયાત કરારનામું કરવાનું રહેશે. જો ઉમેદવાર કરારનામું કરવામાં નિષ્ફળ જશે તો આ નિમણુક હુકમ આપોઆપ રદ ગણાશે તેમજ કરારનામામાં પેરામેડિકલ સપોર્ટીંગ સ્ટાફની ઉંમર ૬૦ વર્ષથી વધુ ન હોવી અને સરકારશ્રી દ્વારા ફરજીયાત સેવાનિવૃત, રુખસદ કે બરતરફ કરાયેલા કે પૂર્વ સેવાઓમાં ગંભીર પ્રકારના આરોપોમાં સંડોવાયેલ ન હોવા અંગેનો ઉલ્લેખ કરવાનો રહેશે.

૨ નિમણુક પામનારે મહતમ ૧૧ (અગિયાર) માસ સુધી ઉપર દર્શાવ્યા મુજબના ફિક્સ માનદ વેતનમાં કામગીરી કરવાની રહેશે. આ ફિક્સ રકમ સિવાય કોઇપણ પ્રકારના આર્થીક લાભ કે અન્ય ભથ્થાઓ મળવાપાત્ર રહેશે નહિ. આ સમયગાળો પૂર્ણ થયા બાદ તેઓ રાજકોટ મહાનગરપાલિકાની સેવામાંથી આપોઆપ છુટા ગણાશે.

૩ આ નિમણુંક તદન હંગામી ધોરણે આપવામાં આવતી હોઈ, જેથી કોઈ આર્થિક ભારણ કે અન્ય કારણોસર સ્ટાફની જરૂરીયાત ન રહે તો ગમે ત્યારે વગર નોટીસે છુટા કરવામાં આવશે. જેમાં કોઈ હક્ક દાવો રહેશે નહિ.

૪ ઉમેદવારએ હાજર થયા તારીખથી દિવસ-૧૦ માં સીવીલ સર્જનનું ફીઝીકલ ફીટનેશ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.

૫ ચાલુ નોકરી દરમ્યાન ઉમેદવાર સ્વૈચ્છાએ રાજીનામુ આપવા માંગતા હોય તો નિમણુંક આપનારે સત્તાધિકારીને લેખિતમાં ૧(એક) માસની નોટીસ અથવા ૧(એક) માસનો નોટીસ પે જમા કરાવ્યા બાદ રાજીનામું મંજુર થયા બાદ છુટા થઇ શકશે અને કરારનો અંત લાવી શકશે. આરોગ્ય શાખા પક્ષે જો છુટ્ટા કરવાનું કોઈ વ્યાજબી કારણ હશે તો તાત્કાલિક અસરથી છુટ્ટા કરી શકશે.

૬ ઉમેદવારે હાજર થયા તારીખથી ૧૦ દિવસ સુધીમાં સંબધિત વિસ્તારની પોલીસ કમિશનરશ્રી/સુપ્રિ. ઓફ પોલીસની કચેરી પાસેથી પોલીસ વેરીફીકેશન સર્ટીફિકેટ રજુ કરવાનું રહશે. આ અંગે જરૂર જણાયે સંબધિત શાખાધીકારીએ સંબધિત કચેરી સાથે પરભારે પત્રવ્યવહાર કરવાનો રહશે. અન્યથા આ નિમણુંકનો હુકમ રદ્દ કરવામાં આવશે.

૭ ઉક્ત ઉમેદવારોએ હાજર થવાના દિવસે સંબંધિત કચેરીનાં વડાને નિયત કરેલ પત્રકમાં પ્રજાસત્તાક ભારતના સંવિધાનને વફાદાર રહેવાનું સોગંદનામું આપવાનું રહેશે.

૮ કલીનીકની સેવા સાંજે ૫:00 કલાકથી રાત્રે ૯:00 કલાક (સાંજે પાંચ વાગ્યાથી રાત્રે નવ વાગ્યા) સુધી આપવાની રહેશે.

૯ ઉક્ત ઉમેદવારોએ રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં સ્થાયી રીતે રહેવાનું રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

૧૦ આ યોજના હેઠળ પસંદગી પામેલ ઉમેદવારને નિયત વેતન ઉપરાંતનાં કોઈપણ પ્રકારના ભથ્થા મળવાપાત્ર થશે નહિ તેમજ સરકારશ્રી દ્વારા અન્ય કોઈ સરકારી તેમજ નાણાકીય તેમજ સેવા વિષયક અન્ય કોઈ લાભો મળશે નહિ.

૧૧ આ યોજના હેઠળ પસંદગી પામેલ ઉમેદવારએ કોડ ઓફ મેડીકલ એથીક્સ ની જોગવાઈઓ મુજબની વર્તણુંક કરવાની રહેશે.

૧૨ ઉમેદવારએ સેવા સમય દરમિયાન હાજરીમાં અનિયમિત જણાય, અનઅધિકૃત રીતે ફરજ પર ગેરહાજર જણાય અથવા તેમની એકંદરે વર્તણુંક શિસ્ત વિરુદ્ધ જણાય અથવા ફરજ પ્રત્યે નિષ્કાળજી દર્શાવતા હોવાનું ધ્યાન પર આવશે તો કોઇપણ પ્રકારની નોટીસ આપ્યા વગર એક તરફી રીતે પસંદગી તેઓની સેવાઓનો તાત્કાલિક અસરથી અંત લાવવામાં આવશે.

૧૩ આ તબીબ દ્વારા એક પેરા મેડીકલ સ્ટાફ પોતાની જરૂરીયાત મુજબ રાખી શકાશે જેનો સંપુર્ણ ખર્ચ પસંદગી પામેલ તબીબે પોતે ભોગવવાનો રહેશે તથા જરૂરી તબીબી તપાસના સાધનોની વ્યવસ્થા તબીબે સ્વખર્ચે કરવાની રહેશે. આ અંગે કોઇપણ પ્રકારની નાણાકીય સહાય મળવાપાત્ર થશે નહી.

૧૪ આ યોજના હેઠળ પસંદગી પામેલ ઉમેદવારએ તેમના ખાનગી વ્યવસાયનાં સ્થળ, સમય અને સંપર્કની વિગતો મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ, આરોગ્ય શાખા,રાજકોટ મહાનગરપાલિકાને આપવાની રહેશે. તબીબી અધિકારીએ અર્બન હેલ્થ કલીનીક ખાતેના કામકાજનાં કલાકો સિવાય ખાનગી વ્યવસાયની છૂટ રહેશે.

૧૫ આ યોજના હેઠળ ઉમેદવાર પોતાના ઘરે કે પ્રેક્ટીસનાં સ્થળે બોલાવી, નિદાન તેમજ સારવાર કરી શકશે નહિ અને જો તેમ કરતા પકડાશે તો તેમના કરારનો અંત લાવવામાં આવશે અને તેમને મળતા માસિક વેતનનો બમણો દંડ વસુલ કરવાનો રહેશે.

૧૬ આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વખતો વખત ઠરાવવામાં આવે તે તમામ શરતોનું પાલન કરવાનું રહેશે.

# રાજકોટ મહાનગરપાલિકા

"ડૉ. આંબેડકર ભવન", ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧

| | | |
|---|---|---|
| જગ્યાનું નામ : | | ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ ફોટો ચોંટાડી તેના પર સહી કરાવી |
| કેટગરી : | | |
| | | |
| મોબાઈલ નં. | | |
| અરજી નં. | | |

| ઉમેદવારનું પુરૂ નામ : | નામ | પિતા/પતિનું નામ | અટક |
|---|---|---|---|
| | | | |
| પત્રવ્યવહારનું પુરૂ સરનામું : | | | |
| | | | |
| | | | |

| જન્મ તારીખ : | તારીખ | માસ | વર્ષ | જન્મ તારીખ શબ્દોમાં : | |
|---|---|---|---|---|---|
| | | | | | |

શૈક્ષણિક લાયકાત : પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી

| ક્રમ | પાસ કરેલ પરીક્ષા | સંસ્થા/બોર્ડ/ યુનિ. નું નામ | પાસ કર્યાનું વર્ષ | ટકાવારી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

અનુભવની વિગત: પ્રમાણિત આધારોની ઝેરોક્ષ નકલ જોડવી

| ક્રમ | સંસ્થા/પેઢી/કચેરીનું નામ સરનામું અથવા શાખાનું નામ | હોદ્દો | પગાર ધોરણ રૂ. | અનુભવનો સમયગાળો ક્યાંથી ક્યા સુધી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| અન્ય વિગતો : | | | | |

## :: સોગંદનામું ::

હું આથી એકરાર કરૂ છુ કે, મે ઉપર જણાવેલ તમામ વિગતો તદ્દન સાચી અને સંપૂર્ણ છે. જો તે ખોટી જણાય તો મારી સામે જે પગલાં લેવાય તે મને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે. રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં પ્રવર્તમાન અને વખતો-વખત થનાર તમામ નિયમોનું પાલન કરવા હું આથી લેખિત બાહેંધરી આપું છુ.

| | | | |
|---|---|---|---|
| તારીખ: 10-10-2022 | | ઉમેદવારની સહી | |
| સ્થળ: રાજકોટ | | ઉમેદવારનું નામ : | |